રાજ્યના શહેરી વિસ્તારોમાં રખડતાપશુઓના વ્યવસ્થાપન માટે કેટલ પાઉન્ડ અને પાંજરાપોળની વ્યવસ્થા અને કામગીરી અંગે માર્ગદર્શિકા /સુચનો

પરિપત્ર :-

રાજ્યના કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગના તા. ૩૦.૧૧.૨૦૧૩ના ઠરાવથી નામદાર સુપ્રીમ કોર્ટના રિટ પિટિશન-૪૪૦/૨૦૦ મિસ ગીતા શેષમણી Vs યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્યના કેસના ચુકાદા મુજબના આદેશના અમલવારી માટે "ગુજરાત રાજ્ય પશુ કલ્યાણ બોર્ડ" ની રચના કરવામાં આવેલ છે અને વિભાગના તા.૦૮.૦૯.૨૦૨૨ના ઠરાવથી સદરહુ બોર્ડની પુનઃ રચના કરવામાં આવેલ છે.

સરકારશ્રીના સદરહું ઠરાવથી રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડને પ્રાણી કલ્યાણ અંગે સત્તા અને કામગીરી સુપ્રત કરવામાં આવેલ છે. સદરહુ કામગીરીના મુદ્દા ક્રમાંક ૦૭માં દર્શાવ્યા મુજબ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ રાજ્ય સરકાર તથા સ્થાનિક સત્તા મંડળોને પ્રાણીઓની બિનજરૂરી પીડા અને વેદના ઘટાડવા માટે સલાહ આપી શકે છે.

નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ રજુ થયેલ રિટ પિટિશન નંબર (PIL) નંબર ૧૮૮/૨૦૧૬ અને રીટ પિટિશન (PIL) નંબર ૨૨૮/૨૦૧૬ની સુનાવણી દરમ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટના અવલોકન છે કે ગુજરાત રાજ્યમાં કેટલ પાઉન્ડ અને પાંજરાપોળની સ્થાપના, જે માત્ર એનિમલ વેલ્ફેર બોર્ડની સ્થાપનાના હેતુઓ સાથે સુસંગત નથી પણ રખડતા ઢોરના જોખમને પણ અટકાવશે. આ પિટિશનની સુનાવણી દરમિયાન નામદાર મુખ્ય ન્યાયાધીશની અન્ય MCA અરજી સંદર્ભમાં સિવિલ એપ્લિકેશન ૯૭૯/૨૦૧૯ના લેખિત પિટિશન (PIL) નંબર ૧૭૦ /૨૦૧૭નો સંદર્ભ આપવામાં આવેલ અને નામદાર ગુજરાત હાઈકોર્ટે રાજયની મહાનગર પાલિકાઓની શેરીઓ, રસ્તાઓ અને ખુલ્લી જગ્યાઓ પર રખડતા પશુઓના જોખમની હાલની પરિસ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરેલ છે અને રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડને સરકારશ્રી તથા સ્થાનિક સત્તા મંડળોને જરૂરી સલાહ સુચન સલાહ આપવા આદેશ કરેલ છે.

સાથીસાથ પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટીની સ્થાપના અને નિયમનના નિયમો, 2001 મુજબ સરકારશ્રીના તા. ૧૦.૧૧.૨૦૧૪ના જાહેરનામાથી જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટીની રચના કરવામાં આવેલ છે અને સદરહુ જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટીને સુપ્રત થયેલ ફરજો અને સત્તાઓ મુજબ જે તે જિલ્લામાં આવેલ પ્રાણી કલ્યાણ સંસ્થાઓ, આશ્રયસ્થાનો, પશુ સ્થાનો, સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના ઢોરવાડાઓ અને પાંજરાપોળની એકંદર કામગીરીના સુપરવિઝન અને મોનીટરીંગની સત્તા આપવામાં આવેલ છે.

ઉપરોક્ત મુદ્દાઓ અંગે ચર્ચા કરવા માટે રાજ્ય પશુ કલ્યાણ બોર્ડના ઉચ્ચ અધિકારીઓની બેઠક તા ૧૮.૧૦.૨૦૨૨ના રોજ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ હતી અને સદરહુ બેઠકમાં થયેલ વિસ્તૃત ચર્ચા અને લેવાયેલ નિર્ણય મુજબ નામદાર હાઈકોર્ટના આદેશ અન્વયે રાજયની મહાનગર પાલિકાઓ સહીત શહેરી વિસ્તારમાં રખડતા પશુઓના વ્યવસ્થાપન માટે કેટલ પાઉન્ડ અને પાંજરાપોળની વ્યવસ્થા અને કામગીરી અંગે નીચે મુજબ સલાહ/સુચનો આપવામાં આવે છે.

(૧) ભારતીય જીવ જંતુ કલ્યાણ બોર્ડ સાથે રજીસ્ટર થયેલ જે તે મહાનગર પાલિકા સહીત શહેરી વિસ્તારની પ્રાણી કલ્યાણ સંસ્થાઓ જેની યાદી આ સાથે સામેલ છે તે તમામ સંસ્થા ખાતે થતી કામગીરીનો જે તે જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી દ્વારા સ્થળ તપાસ કરી અને તેનો અહેવાલ રજુ કરવો. આવી સંસ્થાઓ ખાતેની માળખાકીય સુવિધાઓ માટે ભારતીય જીવ જંતુ કલ્યાણ બોર્ડ દ્વારા સહાય આપવામાં આવે છે તે માટે જરૂરિયાત મુજબ સંબંધિત કલેકટરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને ચીફ ઓફિસર, નગરપાલિકાને દરખાસ્ત કરવા સુચન છે.

(૨) રખડતા પશુઓના વ્યવસ્થાપન માટેના સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના ઢોરવાડાઓની કામગીરી અંગે જે તે જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટીને તાકીદના ધોરણે સ્થળ તપાસ કરી, તેમની હાલની પરિસ્થતિ અને ભવિષ્યની જરૂરિયાતની વિગતો અંગે દરખાસ્ત કરવાની રહેશે. જે વિસ્તારમાં ઢોરવાડાની સવલત નથી ત્યાં શહેર અથવા શહેરની નજીક પાંજરાપોળ અને ઢોરડબ્બા બનાવવા માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટેની શહેરી વિકાસ વિભાગની યોજનામાં નાણાંકીય સહાય માટે સંબંધિત કલેકટરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને ચીફ ઓફિસર, નગરપાલિકાને દરખાસ્ત કરવા સૂચન છે.

(૩) સાથોસાથ રાજ્યના પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ પાંજરાપોળ ખાતે રાખવામાં આવતા પશુઓની સ્થિતિ અંગે સમીક્ષા પણ કરવી અને ખાસ કરીને શહેર અથવા શહેરની નજીક આવેલ પાંજરાપોળમાં પશુઓના નિભાવ અંગે હાલની પરિસ્થતિ અને ભવિષ્યની જરૂરિયાતની વિગતો અંગે સંબંધિત કલેકટરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને ચીફ ઓફિસર, નગરપાલિકા દ્વારા દરખાસ્ત કરવાની રહેશે.

(૪) શહેરી વિસ્તારમાં રખડતા પશુઓના વ્યવસ્થાપન માટે સ્થાનિક કક્ષાએ રખડતા પકડાયેલ પશુઓની અલગથી નોંધણી કરી, પ્રસ્થાપિત કાર્યપદ્ધતિ મુજબ ઈયર ટેગીંગ અનિવાર્ય કરવા શહેરી વિકાસ વિભાગ,ગુજરાત રાજયને જરૂરી સુચના આપવા સલાહ છે.

(૫) સાથોસાથ ઢોરડબ્બા/પાંજરાપોળનીવ્યવસ્થિત જાળવણી અને વ્યવસ્થાપન કરી અનુકરણીય કામગીરી કરનાર સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને પ્રોત્સાહિત કરવામાં આવે તે માટે જરૂરી કાર્યવાહી કરવા શહેરી વિકાસ વિભાગ,ગુજરાત રાજયને સુચના છે.

(૬) રખડતા પશુઓથી થતી હાલાકીઓ ઘટાડવા માટે પ્રાણી કલ્યાણ સંસ્થાઓ, આશ્રયસ્થાનો, પશુસ્થાનો, સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના ઢોરવાડાઓ અને પાંજરાપોળ ખાતે કાર્યક્ષમ રીતે પશુઓ રાખવામાં આવે અને જરૂરિયાત મુજબ નવી સવલતો ઉભી કરવા અને વિસ્તૃતિકરણ માટે જરૂરી નાણાંકીય સહાય માટે ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડને શહેરી વિકાસ વિભાગ, ગુજરાંત રાજય દરખાસ્ત કરી શકાશે.

(૭) સાથોસાથ રખડતા પશુઓના વસ્તી નિયંત્રણ માટે લોકજાગૃતિ, વૈજ્ઞાનિક પશુ સંવર્ધન અને ખસીકરણ જેવા કાર્યક્રમો અભિયાનરૂપે આયોજિત કરવા પણ પશુપાલન નિયામકની કચેરી, ગાંધીનગર અને ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડને ખાસ સુચન છે.

(૮) દરેક જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી દ્વારા જે તે જિલ્લામાં આવેલ પ્રાણી કલ્યાણ સંસ્થાઓ, આશ્રયસ્થાનો, પશુ સ્થાનો, સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના ઢોરવાડાઓ અને પાંજરાપોળની એકંદર કામગીરીની દર ત્રણ માસે સમીક્ષા કરી, તેનો અહેવાલ પ્રાણી કલ્યાણ બોર્ડને રજુ કરવા સંબંધિત કલેકટરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને ચીફ ઓફિસર, નગરપાલિકાને જણાવવામાં આવે છે.

(૯) હાલ ઉપલબ્ધ ઢોરડબ્બામાં તેની ક્ષમતા કરતા રાખવામાં આવેલ પશુની સંખ્યા ઓછી હોય ત્યાં જીલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી દ્વારા ખૂટતા પશુની જાણ સ્થાનિક સત્તામંડળને કરી તેની તંદુરસ્તી ચકાસણી અને ટેગિંગની વ્યવસ્થા કરાવવાની રહેશે. સાથોસાથ પશુઓના વાહતુક કરતા સમયે સરકારી પશુ ચિકિત્સા અધિકારીના પ્રમાણપત્રનો આગ્રહ રાખવા સંબંધિત કલેકટરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને ચીફ ઓફિસર, નગરપાલિકાને જણાવવામાં આવે છે.

(૧૦) ઉક્ત મુદ્દાઓ અંગે પ્રથમ તબક્કામાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને જામનગર શહેરો માટે તાત્કાલિક કાર્યવાહી કરવા અને આગામી આયોજન તૈયાર કરી તેના અમલવારીની આંકડાકીય વિગતો જીલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી મારફતે ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડને રજુ કરવા સંબંધિત કલેકટરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને ચીફ ઓફિસર, નગરપાલિકાને જણાવવામાં આવે છે.

સ્થળ : ગાંધીનગર

તા. ૧૮.૧૦.૨૦૨૨

ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ ગાંધીનગર

સંયુક્ત પશુપાલન નિયામક
ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર

જા. ગુ. પ્રા. ક. બો./ફા. નં. ૬૫/૨૮૮૨-૯૦/ ૨૦૨૨
ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ,
બીજો માળ, સુમન ટાવર,
મેઘ મલ્હાર કોમ્પલેક્ષની બાજુમાં
સેક્ટર -૧૧ , ગાંધીનગર
તા. ૧૮.૧૦.૨૦૨૨

પ્રતિ,

(૧) અધ્યક્ષશ્રી, જિલ્લા પ્રાણી કુરતા નિવારણ સોસાયટી સહ કલેકટરશ્રી, તમામ

(૨) મ્યુનીસીપલ કમિશ્નરશ્રી, મ્યુનીસીપલ કોર્પોરેશન તમામ

(૩) ચીફ ઓફિસર, નગરપાલિકા, તમામ

નકલ સવિનય રવાના

(૧) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર

(૨) નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૩) અંગત મદદનીશ, માન. મંત્રીશ્રી (કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન), ગુજરાત સરકાર સહ અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર

(૪) અંગત મદદનીશ, માન.(રા.ક)મંત્રીશ્રી (પશુપાલન અને ગૌસંવર્ધન), ગુજરાત સરકાર સહ ઉપાધ્યક્ષશ્રી, ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર

(૫) માન. સચિવશ્રી (સહકાર, પશુપાલન મત્સ્યોધોગ અને ગૌ સંવર્ધન), ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૬) પશુપાલન નિયામકશ્રી સહ સચિવશ્રી,ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર